# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

## અખબારી યાદી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની યાદી જણાવે છે કે, તા.૧૯/૧૦/૨૦૨૦ ને સોમવારના રોજ સવારે ૧૦:૦૦ કલાકે પંડિત દીનદયાળ પરીક્ષા ભવન, પંચદેવ મંદિર પાસે, સેકટર-૨૨, ગાંધીનગર ખાતે રિઝલ્ટ પ્રોસેસીંગ સેન્ટરના નવીન મકાનના ઈમારતનો શિલાન્યાસ માનનીય મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા (શિક્ષણ) ના વરદ હસ્તે ડૉ. વિનોદ રાવ સચિવશ્રી, શિક્ષણ (પ્રા. અને મા.) ની વિશેષ ઉપસ્થિતિમાં સંપન્ન થયો.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર વર્ષ-૧૯૬૦ માં ગુજરાત રાજય અસ્તિત્વમાં આવ્યુ ત્યારથી અસ્તિત્વમાં આવ્યુ. બોર્ડની કામગીરી માટે ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડની કચેરી, વડોદરા ખાતે શરૂ કરવામાં આવેલ. બોર્ડ દ્વારા ધોરણ-૧૧ (OLD SSC) ની પ્રથમ પરીક્ષા ઓક્ટોબર ૧૯૬૦ માં યોજવામાં આવેલ જેમાં ૨૭,૯૬૨ જેટલા ઉમેદવારો નોંધાયેલ હતા. બોર્ડ દ્વારા માર્ચ-૨૦૨૦ માં ધોરણ-૧૦ માં ૧૦,૮૩,૨૮૦ ઉમેદવારો નોંધાયેલા હતા. ધોરણ-૧૨ ના બન્ને પ્રવાહમાં મળી કુલ ૬.૫૦ લાખ વિદ્યાર્થીઓ નોંધાયેલ હતા. તદ્દઉપરાંત ગુજકેટ, પ્રખરતા શોધ સ્પર્ધા અને અન્ય પૂરક પરીક્ષાની વિદ્યાર્થી સંખ્યા ધ્યાને લેતાં વર્ષ દરમિયાન ૨૫ લાખ જેટલા વિદ્યાર્થીઓની પરીક્ષા લેવાની કામગીરી બોર્ડ દ્વારા થાય છે.

બોર્ડ દ્વારા લેવામાં આવતી વિવિધ પરીક્ષાઓના પરિણામ તૈયાર કરવાની કામગીરી અત્યાર સુધી ભાડાના મકાનોમાં થતી હતી. કામગીરીની સરળતા, સલામતી અને નાણાંકીય ખર્ચમાં ઘટાડો કરવાના ઉદ્દેશ સાથે રાજય સરકારશ્રીએ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડને રૂ. ૨૪/- કરોડનું અનુદાન રિઝલ્ટ પ્રોસેસીંગ સેન્ટર બનાવવા મંજૂર કરેલ છે. જેની સહાયથી આર્યભટ્ટ માધ્યમિક શાળા, સેકટર-૨૨, ગાંધીનગરનું મકાન જે બોર્ડને ફાળવેલ છે તેના મેદાનમાં બનાવવામાં આવશે. સૂચિત રિઝલ્ટ પ્રોસેસીંગ સેન્ટરની ઈમારતનો બિલ્ટઅપ એરીયા ૯૮૨૫ ચો.મીટર છે. તેમાં ભોંયરાનું ૨૩૫૫ ચો.મીટર, ગ્રાઉન્ડ ફ્લોરનું ૨૩૯૭ ચો.મીટર, ફસ્ટ ફ્લોરનું ૨૫૬૩ ચો.મીટર અને સેકન્ડ ફ્લોરનું ૨૪૬૩ ચો.મીટરનું બાંધકામ રિઝલ્ટ પ્રોસેસીંગ સેન્ટર તૈયાર કરવા માટે થનાર છે. જે મકાનમાં આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

ઉપરોક્ત મકાનનું બાંધકામ પૂર્ણ થયેથી સ્ટ્રોંગરૂમ, મધ્યસ્થ મૂલ્યાંકન કેન્દ્ર તથા પાલા સેન્ટર અને વિવિધ તાલીમ આપવા માટે મકાનનો ઉપયોગ થઈ શકશે, જે બોર્ડની કામગીરી સરળ બનાવશે. ઉપરોક્ત કાર્યક્રમમાં શિક્ષણ વિભાગના ઉચ્ચ અધિકારીશ્રીઓ, ખાતાના વડાની કચેરીના અધિકારીશ્રીઓ તથા બોર્ડના પૂર્વ અધ્યક્ષશ્રી પી.વી.ત્રિવેદી, શ્રી આર.આર.વરસાણી, શ્રી એચ.એન.હિંગુ ઉપસ્થિત રહેલ હતા.

(ડી.એસ.પટેલ)<br>
સચિવ<br>
ગુજરાત માધ્યમિક અને<br>
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,<br>
ગાંધીનગર.

તારીખ :- ૧૯/૧૦/૨૦૨૦<br>
સ્થળ :- ગાંધીનગર